**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**
**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - તૃતીયખંડ

પ્રશ્નપત્ર - ૧

(સમય : સવારે ૯ થી ૧૨) રવિવાર, ૧૦ જુલાઈ, ૨૦૧૧ કુલ ગુણ : ૧૦૦

**અભ્યાસક્રમના વચનામૃત : લોયા ૫, ૬,૧૨,૧૭ વરતાલ પ્રકરણ : ૩, ૫, ૧૧ ગ. અં. પ્ર.: ૨,૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૬, ૨૧, ૨૬, ૩૮, ૩૯**

**☞ અગત્યની સૂચના ☜**
**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.**

## (વિભાગ - ૧ : 'વચનામૃત' ને આધારે)

**પ્ર.૧ નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈ પણ ત્રણ ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૧)**

**☞ નોંધ :- જવાબોની સમજૂતી માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

૧. પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ, પરોક્ષના ભક્તોનાં કીર્તન / શ્લોક અથવા સાખી — ૧ ગુણ
૨. શ્રીજીમહારાજનાં વચનામૃત અથવા સ્વામીની વાતુનાં પ્રમાણ — ૧ ગુણ
૩. નંદ પંક્તિનાં કીર્તનો અથવા આપણાં અન્ય શાસ્ત્રોનાં પ્રમાણ અથવા ગુરુપરંપરાનાં કીર્તનો - સાખી. — ૧ ગુણ
૪. ઉપરના સંદર્ભો વધુ સ્પષ્ટ કરતાં પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધુ. — ૩ ગુણ
૫. પ્રગટ સત્પુરુષના અનુસંધાન સાથે ઉપસંહાર. — ૧ ગુણ
૬. આપનો નિર્ણય આખરી ગણાશે.

**૧. ભગવાન અને સંતની સરખી સેવાનું ફળ (વર. ૫)**

જ. એવી રીતે ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દસ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય, તે આને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે.

**૨. ઇન્દ્રિયો-અંતઃકરણ જીતવાના ઉપાયો (લો. ૫)**

જ. બાહ્ય ઇન્દ્રિયોને દેહદમને કરીને જીતે અને દેહદમને કરીને બાહ્ય ઇન્દ્રિયો જિતાણી હોય તો પણ પાંચ વર્તમાનના નિયમમાં દૃઢ થઈને રહેતો હોય, તો બાહ્ય ઇન્દ્રિયો જીતવે કરીને અંતઃકરણ જિતાય પણ એકલે અંતઃકરણને જીતવે કરીને બાહ્ય ઇન્દ્રિયો જિતાય નહીં. અને બાહ્ય ઇન્દ્રિયોને જીતવે કરીને તો અંતઃકરણ જિતાય છે.

**૩. અં.૨માં શ્રીજીમહારાજે પૂછેલો પ્રશ્ન અને તેનો સચોટ ઉત્તર (ગ.અં. ૨)**

જ. (૧) જગતને નાશવંત દેખે છે અને દેહને મૂકીને ચૈતન્ય જુદો થઈ જાય છે તેને પણ દેખે છે, તો પણ આ જીવને જગતનું પ્રધાનપણું હૃદયમાંથી મટતું નથી. અને પરમેશ્વરને સર્વ પ્રકારે સુખના સિંધુ જાણે છે તો પણ પરમેશ્વરમાં જીવનું ચિત્ત ચોંટતું નથી, તેમ સત્સંગ પણ એના હૃદયમાં મુખ્ય થતો નથી અને ધન, સ્ત્રીઆદિક જે સાંસારિક પદાર્થ તેમાંથી પ્રીતિ મટતી નથી. તેનું શું કારણ હશે ? (૨) માટે એવા સત્પુરુષનો સંગ પ્રાપ્ત થયો છે તોપણ જેને જેમ છે તેમ સમજાતું નથી તેને અતિશય મંદબુદ્ધિવાળો જાણવો. (૩) બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે આ સત્સંગ તેમાં આવીને પરમેશ્વર વિના જેને બીજા પદાર્થમાં હેત રહે છે તેનું કારણ એ છે જે, જેવી એ જીવને પરોક્ષને વિષે પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષને વિષે દૃઢપણે પ્રતીતિ થતી નથી.

**૪. અતિશય પ્રીતિએ કરીને સમાગમ કરવા યોગ્ય ભક્તની સમજણ (ગ.અં. ૧૧)**

જ. ધર્મ ને વૈરાગ્ય જો સામાન્યપણે હોય તો પણ જેની જાનકીજીના જેવી સમજણ હોય તેનો જ અતિશય પ્રીતિએ કરીને સમાગમ કરવો. .

**૫. વિશલ્યકરણી ઔષધિનું દૃષ્ટાંત અને સિદ્ધાંત (અં. ૩૯)**

જ. જેમ વિશલ્યકરણી ઔષધિ લાવીને હનુમાનજીએ રામચંદ્રને પીવાડી ત્યારે જે દેહમાં શલ્ય લાગ્યાં હતાં તે સર્વે એની મેળે દેહથી બાહેર નીકળી ગયા; તેમ જેને આ બે વાત મનમાં લાગી ગઈ હોય તેને ઈન્દ્રિયોને વિષયભોગની ઈચ્છા રહી છે એ શલ્ય છે તે સર્વ નીકળી જાય; કહેતાં વિષયભોગમાંથી એની ઈન્દ્રિયોની વૃત્તિ નીકળીને એક ભગવાનમાં વળગે. અને સત્સંગી પણ એને જ કહીએ; કેમ જે, સત્યરૂપ એવો જે પોતાનો આત્મા તથા સત્યરૂપ એવા જે ભગવાન તેનો જેને આવી રીતે સંગ થયો તેને સત્સંગી કહીએ.

**પ્ર.૨ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો. (કુલ ગુણ : ૧૫)**

> **☞ નોંધ : (૧) વચનામૃત અવતરણની પૂર્તિના ૨½ ગુણ અને વચનામૃત ક્રમાંકનો ½ ગુણ.**
> **(૨) વચનામૃત ક્રમાંક સાથે આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

૧. જો દેહાભિમાનરૂપ દોષ છે તો તેમાં સર્વે દોષ રહ્યા છે ને તેનો ત્યાગ કરે તો સર્વે દોષનો ત્યાગ થઈ જાય છે. અને 'હું' તો દેહથી નોખો જે આત્મા તે છું. એવો જે આત્મનિષ્ઠારૂપ એક ગુણ તે આવે તો સર્વે ગુણ માત્ર આવે છે. (લો.૬) (૪)

૨. જેમ દત્તાત્રેયે પંચભૂત, ચંદ્રમા, પશુ, વેશ્યા, કુમારી, પોતાનો દેહ ઈત્યાદિક સર્વેમાંથી પણ ગુણ લીધા. એવી રીતે સંતમાં જેને ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો જ સત્સંગમાં દૃઢ પાયો થાય છે. અને જેને સંતમાં ગુણ લીધાનો સ્વભાવ ન હોય તે સત્સંગમાં રહ્યો છે તો પણ એનો દૃઢ પાયો નથી. (લો.૫) (૨)

૩. અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમનારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે, તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ. (લો.૧૨) (૫)

૪. જેમ વજ્રની પૃથ્વી હોય તેમાં વજ્રની ખીલી ચોડી હોય તે કોઈ રીતે ઊખડે નહિ, તેમ ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને દૃઢ રાખવું અને એવી રીતે જે ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે. (ગ.અં. ૭) (૧૫)

૫. માટે પોતાની ભક્તિ નિર્વિઘ્ન રાખીને જે પરમેશ્વરના ચરણારવિંદને પામવાને ઈચ્છે તેને જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો તેને વિષે સાવધાન થઈને રહેવું અને ભગવાન વિના બીજા પદાર્થ ત્યાં પેસવા દેવા નહિ. (ગ.અં. ૯) (૧૬)

**પ્ર.૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો. (કુલ ગુણ : ૪)**

> **☞ નોંધ : (૧) વચનામૃત અવતરણના ૧½ ગુણ અને વચનામૃત ક્રમાંક - ½ ગુણ.**
> **(૨) અવતરણના અંતે કૌંસમાં આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

**૧. સંત-સાધુ લક્ષણ : (૧) (ગ.અં. ૨૬)** ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય એવા જે સંત તે કેવા હોય તો ઈંદ્રિયો અંતઃકરણ આદિક જે માયાના ગુણ તેની જે ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ ને ભગવાન સંબંધી ક્રિયાને જ કરે ને પંચવર્તમાનમાં જ દૃઢ રહેતા હોય ને પોતાને બ્રહ્મરૂપ માને ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે. (૨૫) **(૨) (ગ.અં. ૩૮)** દેહાભિમાને રહિત ને વૈરાગ્યે યુક્ત ને ભગવાનનું અલ્પ વચન હોય તેમાં ફેર પડે તો તે મહત્ વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય એવા જે ભગવદ્ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન-કર્મ-વચને વર્તવું. (૨૮)

**૨. ભગવાનના ભક્તનો દ્રોહ : (૧) (અં.૧૨ ગ્રંથમાંથી)** ઝેર ખાય અથવા સમુદ્રમાં પડે અથવા પર્વતથી પડે અથવા કોઈ રાક્ષસ મળે ને ખાઈ જાય તો એક જ વાર મરવું પડે અને જે ભગવાન ને **ભગવાનના ભક્તનો દ્રોહી** હોય તેને તો અનંતકોટિ કલ્પ સુધી મરવું પડે ને અવતરવું પડે. **(૨) (અં.૧૨ ગ્રંથમાંથી)** તેમ જે ભગવાન ને **ભગવાનના ભક્તના દ્રોહનો** કરનારો હોય તેનો જીવ પણ એવો નકારો થઈ જાય જે, ''કોઈ દિવસ પોતાના કલ્યાણના ઉપાયને કરી જ શકે નહિ.'' **(૩) (લોયા ૧૭. ગ્રંથમાંથી)** જયારે કોઈક મોટા સંત અથવા ભગવાન તે માનને ખોદશે તથા સ્વાદ, દેહાભિમાન, લોભ, કામ, ક્રોધ એને ખોદશે ત્યારે એને જરૂર તે સંતનો અભાવ આવશે ત્યારે એ જરૂર **સંતનો દ્રોહ** કરશે ને સત્સંગમાંથી વિમુખ થશે. **(૪) (વર.૧૧-ગ્રંથમાંથી)** એક તો ભગવાન ને બીજા **ભગવાનના ભક્ત** ને ત્રીજા બ્રાહ્મણ ને ચોથો કોઈક ગરીબ મનુષ્ય એ ચારથી તો અમે અતિશય બીયે છીએ જે, 'રખે એમનો **દ્રોહ** થઈ જાય નહિ.' અને એવા તો બીજા કોઈથી અમે બીતા નથી. કેમ જે, એ ચાર વિના બીજાનો કોઈક દ્રોહ કરે તો તેના

દેહનો નાશ થાય પણ જીવ નાશ પામે નહિ. અને એ ચારમાંથી એકેને જો દ્રોહ કરે તો તેનો જીવ પણ નાશ પામી જાય છે.

**(વિભાગ - ૨ : 'સનાતન ધર્મ અભિગમ' ચતુર્થ આવૃત્તિ, જુલાઈ, ૨૦૦૬ના આધારે)**

☞ **નોંધ :- (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. (૨) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના પાના નંબર દર્શાવે છે. (૩) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી. (૪) આ નોંધ પ્રશ્ન-૪, પ્રશ્ન-૫ અને પ્રશ્ન-૬ માં સરખી જ લાગુ પડશે.**

**પ્ર.૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**૧. ભગવાનનાં પાંચ સ્વરૂપોનું વર્ણન કરી અર્ચાસ્વરૂપની સુલભતા વર્ણવો.**

**ભગવાનનાં પાંચ સ્વરૂપોનું વર્ણન : (૮૯થી૯૧)** 'मतं विशिष्टाद्वैतं मे ।'વિશિષ્ટાદ્વૈત મને ઘણો પ્રિય છે.' શિક્ષાપત્રીના આ શ્લોકમાં શ્રીજીમહારાજે પોતાને પ્રિય મત વિશિષ્ટાદ્વૈત એવું જણાવ્યું. તેથી રામાનુજ સંપ્રદાયાનુસાર મૂર્તિપૂજાની થોડી ચર્ચા કરીશું. શ્રીરામાનુજાચાર્યે પર, વ્યૂહ, વિભવ, અર્ચા અને અંતર્યામી એ પ્રમાણે એક જ પરમાત્માની પાંચ પ્રકારે અવસ્થિતિ છે. ભિન્ન ભિન્નરૂપે પરમાત્માના સ્વરૂપનું દર્શન થતું હોવાથી તે તે પ્રકારે શાસ્ત્રોમાં વર્ણન જોવાં મળે છે.

**(૧) પર :** અપ્રાકૃત દિવ્ય વૈકુંઠલોકમાં સદા વિરાજમાન, સદા સાકાર અને દિવ્ય આભૂષણથી વિભૂષિત રાધા-લક્ષ્મી વગેરે નિત્યમુક્તોથી અખંડ સેવાયેલા એવા અવતારી સ્વરૂપ પરમાત્મા જે અખંડ ધામમાં જ રહે છે તેને 'પર' સ્વરૂપ કહેવામાં આવે છે. રામાનુજાચાર્યના મત પ્રમાણે આ 'પર' સ્વરૂપ પૃથ્વી ઉપર કદાપિ આવતું જ નથી. તે મનુષ્યોનાં ઇન્દ્રિયો, અંતઃકરણને અગોચર રહે છે, તેથી તે સ્વરૂપને 'પર' શબ્દથી સંબોધ્યું છે. ભગવાન સ્વામિનારાયણના મત અનુસાર ભગવાન સર્વ નિયમોના બંધનથી પર છે, તેથી જ્યારે અક્ષરપતિ ભગવાન પુરુષોત્તમ પોતે સંકલ્પ કરે છે ત્યારે ધામમાં રહ્યા થકા અન્ય સ્વરૂપ(એક સાથે) પૃથ્વી પર પણ દેખાય છે. ધામની મૂર્તિ પૃથ્વી પર મનુષ્યરૂપે પ્રગટ થાય છે. પરંતુ ધામની મૂર્તિ અને મનુષ્યરૂપે નયનગોચર મૂર્તિ એ બંને એક જ છે. **(૨) વ્યૂહ :** ઉત્પત્તિ, સ્થિતિ, સંહાર માટે વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ અને પ્રદ્યુમ્ન - એ ચાર સ્વરૂપને ચતુર્વ્યૂહ કહે છે. પર સ્વરૂપ જ્ઞાન, બળ, શક્તિ, ઐશ્વર્ય, વીર્ય અને તેજ - આ છ ગુણે પરિપૂર્ણ હોય છે. જ્યારે ચતુર્વ્યૂહમાં વાસુદેવ સિવાય અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન અને સંકર્ષણ એ ત્રણે સ્વરૂપોમાં બબ્બે ગુણો હોય છે. ભગવાન સ્વામિનારાયણના મત અનુસાર પ્રત્યેક બ્રહ્માંડમાં દસ દસ મૂર્તિ છે. છ સગુણ છે : અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન અને સંકર્ષણ તથા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. ચાર નિર્ગુણ છે : વાસુદેવનારાયણ, કૃષ્ણનારાયણ, લક્ષ્મીનારાયણ અને નરનારાયણ. (૩) વિભવ : દેવ-મનુષ્યાદિ સજાતીય રૂપે તે તે નામરૂપથી ધારણ કરેલો અવાતરવિશેષ. તેમાં ગૌણ, મુખ્ય, આવેશાવતાર, શક્ત્યાવતાર, કલાવતાર, અંસાવતાર.... એ પ્રકારે 'વિભવ'માં બહુ પ્રકારના ભેદ પડી જાય છે. ભગવાન સ્વામિનારાયણના મત પ્રમાણે અવતારમાત્ર, પુરુષ દ્વારા એ સ્વયં પરબ્રહ્મ - પુરુષોત્તમના અનુપ્રવેશથી જ થાય છે. માટે તે સર્વે પુરુષોત્તમના અવતાર કહેવાય છે અને પુરુષોત્તમ અવતારી કહેવાય છે. **(૪) અંતર્યામી :** જડ અને ચેતન ઊભયમાં સાક્ષીરૂપે હૃદયમાં નિવાસ કરી રહેલા પરબ્રહ્મ અંતર્યામી શબ્દથી ઓળખાય છે. ભગવાન સ્વામિનારાયણના મત મુજબ જીવો અને ઈશ્વરો તથા મુક્ત અને અક્ષરપર્યંત તે સર્વમાં પોતાની અંતર્યામી શક્તિથી અંતર્યામીરૂપે - સાક્ષીરૂપે પરમાત્મા પરબ્રહ્મ સ્વયં રહેલા છે. **(૫) અર્ચા :** અર્ચા એટલે પૂજા. અને તેને માટે થયેલો વિશેષ અવતાર તે અવતાર. બીજા શબ્દોમાં કહીએ તો મૂર્તિઓનું જ બીજું નામ 'અર્ચાવતાર' છે. ભગવાન સ્વામિનારાયણના મત પ્રમાણે સ્વયં ભગવાન કે ભગવાનના ધારક સંતે આપેલ અને વિધિપૂર્વક સ્થાપેલ ચિત્ર-પાષાણાદિકની મૂર્તિમાં ભગવાન સ્વયં અનુગ્રહથી નિવાસ કરીને રહે છે અને ભક્તોના મનોરથ પૂરા કરે છે. પરમાત્માએ અનેક વાર અવતાર ધારણ કરીને અસુરોનો સંહાર કર્યો, પોતાના ભક્તોની અધર્મ સર્ગ થકી રક્ષા કરી, અને ધર્મનું સ્થાપન કર્યું. પરંતુ પર, વ્યૂહ કે વિભવ અવતારથી જે કામ પૂરું થઈ ન શક્યું, તે 'અંતર્યામી એવો હું અર્ચા સ્વરૂપ ધારણ કરીને કાર્ય પૂરું કરીશ' તેમ કહ્યું છે.'पर- व्यूह-विभवैरपर्याप्तश्च संग्रहः। अन्तर्यामी तदद्याहमर्चारूपेण तं लभे ॥ રામાનુજ મતાનુસાર અર્ચા સ્વરૂપની આ વિશેષતા છે. પોતાના ભક્તના લાડકોડ પૂરા કરવાનું કાર્ય પર, વ્યૂહ તથા વિભવ સ્વરૂપે ન થઈ શક્યું તેથી અર્ચા સ્વરૂપ ધારણ કર્યું. અર્ચક જે ભક્ત, તેને સર્વ પ્રકારે આધીન અને પરતંત્ર રહીને મંદિરમાં અથવા ઘરમાં પરમાત્મા અર્ચા - પ્રતિમારૂપે વિરાજેલા હોય છે, જેથી પોતાના આશ્રિતની ભાવના જે પ્રમાણે સુવર્ણ, રજત, શિલા, મણિ, કાષ્ઠ વગેરેની પ્રતિમા બનાવે તેનો સ્વીકાર કરીને તેમાં નિવાસ કરીને રહે છે. પોતે સર્વ શક્તિમાન હોવા છતાં સર્વ સહિષ્ણુ થઈ મૂર્તિપૂજા દરમ્યાન પોતાના ભક્તના જે અપરાધો થાય તે જોતા નથી. પોતાની દૈનિક ક્રિયા તેઓ ભક્તને આધીન રાખે છે. અર્ચાસ્વરૂપે પરમાત્માનું એક જ કાર્ય હોય છે. : વિમુખ જનના દોષ ન જોતાં તેને પોતાને શરણે લઈ તેના સર્વ મનોરથ પૂરા કરવા એ જ. કહ્યું છે કે'अर्चावतारस्सर्वेषां बान्धवो भक्तवत्सलः। પોતે ભક્તના સ્વામી હોવા છતાં, સર્વ શક્તિમાન હોવા

છતાં, સેવકની જેમ પરાધીન, અશક્ત-અસમર્થઃ સર્વતંત્ર-સ્વતંત્ર હોવા છતાં પરતંત્ર, અને સર્વજ્ઞ હોવા છતાં અજ્ઞાની માફક સર્વ સહિષ્ણુ રહી, નિરવધિ કરુણા વડે પોતાના ભક્તોની ઇચ્છાઓ પૂરી કરે છે.

**અર્ચાસ્વરૂપની સુલભતા :** (૯૨) રામાનુજ મત પ્રમાણે અર્ચાવતાર અથવા મૂર્તિની બીજી પણ એક વિશેષતા છે. પર, વ્યૂહ વગેરે કરતાં અર્ચાને વિષે પોતામાં રુચિ ઉપજાવવાપણું તથા સુલભપણું, સ્વાશ્રિતના દોષ ન જોતાં પોતાના આશ્રિતોને શરણે લેવા - એવા અનેક ગુણો રહ્યા છે. તેથી જ ઉપાસકને પ્રથમ અધિકાર અર્ચાવતારની સેવાપૂજાનો જ મળે છે. યદ્યપિ પ્રત્યેક સાધકે તો ધામમાં રહ્યા જે પરમાત્મા તેની સેવાના અધિકારી થવાનું છે અને એ જ પ્રત્યેક સાધકનું અંતિમ નિશાન છે; પરંતુ જીવ અનેક દોષોથી ભરપૂર, માયાવેષ્ટિત હોવાને કારણે તે સીધો 'પર' સ્વરૂપની સેવા કે ભક્તિનો અધિકારી થઈ શકતો નથી. કે કહ્યું છે કે -'उपासकानुरोधेन भजते मूर्तिञ्चक्रम् । तदर्चाविभवव्यूहसूक्ष्मान्तर्यामी संज्ञकम् ॥ यदाश्रित्यैव चिद्वर्गस्ततज्ज्ञेयं प्रपद्यते । पूर्वपूर्वोदितोडस्ति विशेषक्षीणकल्मषः ॥ उत्तरोत्तरमूर्तिनामुपास्यधिकृतो भवेत् ॥ (यतीन्द्रमतदीपिका -વ્યાખ્યા) અર્ચા અર્થાત્ મૂર્તિના પૂજનથી જેમ જેમ અંતરના કલ્મષ-પાપ ધોવાતાં જાય તેમ તેમ તે ક્રમથી વિભવ, વ્યૂહ, પર અને અંતર્યામી - એ પ્રકારે પૂર્વની ઉપાસનાથી ઉત્તરોત્તર અધિકાર મેળવે છે. આ રામાનુજ સંપ્રદાયનું ભક્તિમાર્ગનું હાર્દ છે. સમગ્રપણે જોતાં જણાય છે કે અપ્રાકૃત-દિવ્ય પર સ્વરૂપની સેવાના અધિકારી થવા માટે મૂર્તિપૂજા એ પ્રથમ પગથિયું છે.

**૨. માંસાહાર કરતાં શાકાહાર બધી રીતે ચડિયાતો છે - સમજાવો.**

**શાકાહારના ફાયદા :-** ૧. મનુસ્મૃતિ કહે છે 'સો વર્ષ સુધી ૧૦૦ અશ્વમેઘ યજ્ઞ = જીવનપર્યંત માંસ ભોજનનો ત્યાગ બંનેનું પુણ્યફળ સમાન છે. ૫

૨. માંસાહારથી સેકન્ડહેન્ડ એનર્જી. - જે ઘેટાં-બકરાનું માંસ ખવાય છે તે ઘેટાં-બકરાં તો શાકાહારી છે. ૬

૩. પૂરતાં પોષક તત્વો મળે, શારિરીક રોગો ઓછા થાય છે. ૭

૪. કૅલ્શિયમ મળતાં હાડકાં મજબૂત બને છે. ૭-૮

૫. કોલેસ્ટરોલનું પ્રમાણ જળવાઈ રહે છે. ૮

૬. શાકાહારથી કૅન્સરનું પ્રમાણ ઘટી જાય છે. ૮

૭. આયુષ્ય તંદુરસ્ત અને લાંબુ હોય છે. ૮

૮. કીડનીના રોગોની શક્યતા ઘટી જાય છે. ૮

૯. ભાજી રોગ સામે રક્ષણની ઢાલ કારણ તેમાં કેલ્શિયમ, સોડિયમ અને ક્લોરિન જેવાં ઉત્તમ પ્રકારનાં ખનિજ. ૯-૧૦

૧૦. ડૅન્માર્કમાં શાકાહારથી મૃત્યુ દર ૧૭% ઘટ્યો. ૧૦

૧૧. હૃદયરોગનું પ્રમાણ ઘટે. ૧૦

**૩. બ્રહ્મચર્યપાલનમાં પરોક્ષ અને સાંપ્રદાયિક આદર્શ ઉદાહરણો**

૧. ભીષ્મ : પિતાની મૂંઝવણ ટાળવા કરેલી પ્રતિજ્ઞા 'આજીવન આ ગાદી ઉપર નહિ બેસું અને બ્રહ્મચારી રહીશ. પરશુરામ સાથે યુદ્ધ-ઈચ્છામૃત્યુનું વરદાન ૬૦

૨. હનુમાનજી : જાનકીજીની શોધ કરતાં આપેલી નિશાનીઓને આધારે શબ ફેંદતા હોય તેમ સર્વ તપાસ કરી. ૬૨

૩. દેવીઓ કહે છે : આ નારી છે, આ પુરુષ છે એવો ભેદ આપના પુત્ર શુકદેવજીની દૃષ્ટિમાં નથી. તેથી તેમને વિકાર થવાનો સંભવ જ નથી. ૬૨

૪. લક્ષ્મણ : નિત્ય સીતાજીની ચરણ વંદના કરતાં લક્ષ્મણજીએ ફક્ત ઝાંઝર જ ઓળખ્યાં. 'જે વીર નરે બાર વર્ષ સુધી નિદ્રાનો ત્યાગ કરી મન-કર્મ-વચને બ્રહ્મચર્યનું પાલન કર્યુ હોય તેના હાથે જ ઈન્દ્રજીતનું મૃત્યુ થાય.' લક્ષ્મણજીના હાથે ઈન્દ્રજીતનું મૃત્યુ. ૬૪

૫. ભગવાન સ્વામિનારાયણ : વીર્યને ઉર્ધ્વ રાખવા બે પ્રકારની જળબસ્તિ, કુંજરક્રિયા, ગોરખ આસન વગેરે કર્યું. ૬૪

૬. ગોખલો પૂરાવ્યો સ્ત્રી-પુરુષની સભા નોંખી કરી ૬૫

૭. સાંપ્રદાયિક ઉદાહરણો : મૂળજી બ્રહ્મચારી, સુરાખાચર, પર્વતભાઈ, ગોરધનભાઈ, શિવલાલ શેઠ, બાઈ હરિભક્તો જીવુબા, લાડુબા વગેરે. ૬૯

**(વિભાગ - ૩ : ભગવાન સ્વામિનારાયણ : ભાગ-૨, ૩, ૪ પાંચમી આવૃત્તિ એપ્રિલ - ૨૦૦૫ના આધારે)**

**(ભાગ-૨ ઉદ્‌ગીથ ૧૧,૧૪,૧૭,૧૯,૨૦,૨૫,૨૬,૨૮**

**ભાગ-૩ ઉદ્‌ગીથ ૧,૨,૪,૬,૮,૯,૧૦,૧૪,૧૫, ભાગ-૪ ઉદ્‌ગીથ ૩, ૪)**

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> **☞ નોંધ : જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. રાજવીઓ પર શ્રીહરિનો પ્રભાવ**

| | | |
|---|---|---|
| ૧. | એભલ ખાચર અને જીવા ખાચર શિષ્ય થઈ ગયા છે. | ૨/૧૩૨ |
| ૨. | દાદા ખાચર અને એભલ ખાચર તેમના શિષ્ય. | ૨/૧૩૭ |
| ૩. | સૌરાષ્ટ્રના જાણીતા ગામધણીઓ પરમહંસ થવા (મહારાજના પત્ર દ્વારા) નીકળે છે. | ૨/૨૯૨ |
| ૪. | જામસાહેબ પર સંતો દ્વારા મહારાજનો પ્રભાવ. | ૨/૪૧૭ |
| ૫. | લાલદાસ સૂબો મહારાજને નમે છે. | ૩/૧૨૪ |
| ૬. | વાસુર ખાચર ભક્ત બને છે. | ૩/૧૩૩-૧૩૪ |
| ૭. | જીવાખાચર પર પ્રભાવ. | ૩/૧૩૪-૧૩૫ |
| ૮. | માછિયાવના દરબાર બાપુભાઈ પર પ્રભાવ. | ૩/૩૭૫-૩૮૧ |
| ૯. | ધરમપુરના રાજમાતા તથા વાંસદાના રાજવી પર પ્રભાવ. | ૩/૩૯૯-૪૧૯ |
| ૧૦. | રાયસિંહજી વાંસદાના રાજવી પર પ્રભાવ. | ૪૨૦-૪૨૬ |
| ૧૧. | સયાજીરાવ સત્સંગી બને છે. | ૪/૫૭-૬૩ |

**૨. શ્રીહરિએ કરેલ સમાજની કાયાપલટ**

| | | |
|---|---|---|
| ૧. | મૂળુ ખાચરે લીધેલા શરતી વર્તમાન. | ૨/૧૯૫ |
| ૨. | મહારાજ સાથે સત્સંગ માટે મૂળુ ખાચર ગુજરાત તરફ. | ૨/૧૯૬ |
| ૩. | ઓલ્યો હોકાવાળો સત્સંગી નથી. મૂળુ ખાચરે છોડેલો હોકો. | ૨/૧૯૬ |
| ૪. | મૂળુ ખાચરે છોડેલું અફીણ. | ૨/૨૦૬ |
| ૫. | આતતાયીઓ આગળ અહિંસા એ નામર્દાઈ છે. | ૨/૨૦૩-૨૦૪ |
| ૬. | ધર્મ કરવાને અર્થે પણ ચોરી ન કરવી. | ૨/૨૦૪ |
| ૭. | ત્યાગનું સાચું સ્વરૂપ. | ૨/૩૦૫ |
| ૮. | જગજીવનના યજ્ઞમાં પશુ હિંસાનો શ્રીહરિએ કરેલો નિષેધ. | ૨/૩૧૧ |
| ૯. | જેતલપુરની વેશ્યા પાવન બને છે. | ૨/૪૧૮થી૪૨૧ |
| ૧૦. | ગણિકા મહારાજને આમંત્રણ આપે છે. | ૨/૪૨૯ |
| ૧૧. | પડી વસ્તુ કોઈની હાથ ન ઝાલે રાજ. | ૩/૧૨ |
| ૧૨. | જોબન પગીને આગળ બોલાવો. | ૩/૬૧ |
| ૧૩. | જોબન ભક્ત આજે જન્મે છે. - ધર્મ એ ન્યાત-જાત કે ઊંચ-નીચની ગણના કરવાનો વાડો નથી. જોબનના નિયમ-ધર્મ-કાયાપલટ | ૩/૬૨-૬૩ |
| ૧૪. | તમારામાં મૂર્તિને ઊંચકવાનું બળ આવશે. | ૩/૧૧૫ |
| ૧૫. | લાલદાસ મહારાજને નમે છે. | ૩/૧૨૪ થી ૧૨૬ |
| ૧૬. | વાસુર ખાચર ભક્ત બને છે. રાજા અને પ્રજા બંનેને મહારાજ ધર્મ તરફ વાળે છે. અનીતિ છોડાવે છે. | ૩/૧૩૩ |
| ૧૭. | અહીં સ્ત્રી - પુરુષના ભેદ શું ? સનાતન પ્રણાલી સ્થાપવાનો અને તેને અભંગ આચરવાનો આદેશ મહારાજની વાણીમાં. | ૩/૨૨૧ |
| ૧૮. | વાણીનો દોષ - સોમબા ફઈ મહારાજને મનાવવા જાય છે. | ૩/૩૫૨ થી ૩૫૫ |

**૩. મુક્તાનંદ સ્વામીનો દિગ્વિજય અને શ્રીજીમહારાજની ઉદાસીનતા.**

**મુક્તાનંદ સ્વામીનો દિગ્વિજય :** ૧. વેદાંતાચાર્ય વડોદરામાં ઉપજાવી કાઢેલી બનાવટી વાતો વડોદરાના દિવાનને કરી - દિવાનની ગાયકવાડ પાસે રજૂઆત. ૪/૫૮,૫૯

૨. વેદાંતાચાર્ય સાથે ફરીથી શાસ્ત્રાર્થ : ગાયકવાડ સરકારે વેદાંતાચાર્યનો દંભ ખુલ્લો પાડવા મહારાજને મોકલેલો વિનંતી પત્ર - મહારાજે શાસ્ત્રાર્થ માટે મુક્તાનંદ સ્વામીને જવા કરેલી આજ્ઞા. ૪/૬૦

૩. સયાજીરાવ મુક્તાનંદ સ્વામીના દર્શને - શાસ્ત્રાર્થની જાહેરાત. ૪/૬૧

૪. વેદાંતાચાર્યનો દંભ ઉઘાડો પડે છે. ૪/૬૨,૬૩

૫. મુક્તાનંદ સ્વામીનો વિજય. ૪/૬૩, ૬૪

**શ્રીજીમહારાજની ઉદાસીનતા :** ૧. વડોદરામાં મુક્તાનંદ સ્વામીના વિજયથી મહારાજ પ્રસન્ન થાય છે. ૪/૬૫

૨. મહારાજે સાકર મંગાવી વહેંચી - અમને મોકલ્યા હોત તો અમે પણ દિગ્વિજય કરીને આવત - નિર્વિકલ્પાનંદ અને હર્યાનંદ. ૪/૬૬

૩. અમે હવે આ સત્સંગમાં રહીશું નહિ. - મહારાજ. - મહારાજે બસો જોડ ચરણારવિંદ પાડીને આપ્યા. ૪/૬૭

૪. મહારાજ ઉદાસ થાય છે - આદરજમાં અન્નકૂટ. ૪/૬૮-૬૯

૫. અમે હવે સત્સંગમાં રહેવાના નથી. ૪/૭૯

૬. સત્સંગમાં સંતોને પરસ્પર બરોબરિયાપણું રહે છે એટલે અમે ઉદાસ થયા છીએ. ૪/૮૦

૭. આદરજમાં અન્નકૂટોત્સવ. ૪/૮૧

૮. સત્સંગમાં નિયમનની જરૂર છે. ૪/૮૪

૯. મહારાજ મુક્તાનંદ સ્વામીને પોતાની પાટ ઉપર બેસાડે છે. ૪/૮૫

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> **☞ નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. મીઠાની પૂતળી સાગરમાં સમાઈ ગઈ**

૧. મીઠાની પૂતળી સાગરનો તાગ કાઢવા ગઈ. ૨/૧૩૫

૨. લાડુદાને રસ્તામાં કરેલા સંકલ્પ. ૨/૧૩૬

૩. લાડુદાનના સંકલ્પોની પૂર્તિ. મીઠાની પૂતળી ઓગળવા લાગી - ધન્ય આજની ઘડી ! ૨/૧૩૯

૪. મીઠાની પૂતળી સાગરમાં સમાઈ ગઈ. ૨/૧૪૧

**૨. લગાડી તેં પ્રીતિ લાલ રે ....... કીર્તનનો ઈતિહાસ**

૧. વાણીનો દોષ - સોમબા ફોઈના અપશબ્દો સાંભળી મહારાજે ઉદાસ થઈ ગઢપુર ત્યાગનો કરેલો નિર્ણય ૩/૩૫૩

૨. સોમબા ફોઈ મહારાજને મનાવવા જાય છે. ૩/૩૫૪,૩૫૫

૩. મહારાજ દરબારમાં પાછા આવ્યા પણ ઉદાસી મટી નહિ. ૩/૩૫૫

૪. અમે અક્ષરધામમાંથી અહીં આવીને રસ્તા અને પાળો સરસ બનાવી છે પણ સ્વભાવ અને અંતર દોષોએ રસ્તામાં ખાડા પાડી દીધા છે. ૩/૩૫૬

૫. 'રજોગુણનો વેગ હોય એટલે કથાવાર્તામાં સુખ ન આવે' ઈષ્ટદેવ જયારે એવા ભાવ ગ્રહણ કરે ત્યારે શિષ્યોમાં પણ દેખાય.' - બ્રહ્માનંદ સ્વામી ૩/૩૫૭

૬. લગાડી તેં પ્રીતિ લાલ રે ...... મહારાજે પાઘ આપી ૩/૩૫૭

૭. વજાડી તેં બંસી કાન રે ....... મહારાજે ખેસ આપ્યો ૩/૩૫૭,૩૫૮

૮. માવ તમારું મોળિયું ........ મહારાજે અંગરખું આપ્યું. ૩/૩૫૮

૯. નેણ તમારાં નાથજી, છે છેલા રે રાતાં ચોળ ........ 'અમારાં લોચન હજુ આકરાં દેખાતાં હોય તો લ્યો આ રૂમાલ' - મહારાજ આપેલો રૂમાલ ૩/૩૫૮

૧૦. 'કોઇ વસ્ત્ર તો લાવો. બ્રહ્માનંદ સ્વામીએ તો સાવ લૂંટી લીધા.' - મહારાજ ૩/૩૫૮

**૩. ભાદરામાં શ્રીજીમહારાજે કહેલો મૂળજી શર્માનો અલૌકિક મહિમા (ભાગ-૨, ઉદ્‌ગીથ-૧૯)**

૧. આ મૂળજીમાં મીઠાસ ભરી છે. તેમની પાસે રહે તો જગતની કડવાશ ટળી જાય. ૨/૨૮૨

૨. અમારી મૂર્તિ ભેગી આ મૂળજી મહારાજની મૂર્તિ પણ મોટા મંદિરોમાં સ્થપાશે, પૂજાશે. ૨/૨૮૨,૨૮૩

૩. આજે શરદ પૂર્ણિમા છે અને અમારા અક્ષરધામનો જન્મદિવસ પણ છે. ૨/૨૮૩

૪. મહારાજ સાકરબાને મૂળજીનો મહિમા કહે છે. ૨/૨૮૪-૨૮૫

૫. મહારાજ મૂળજી શર્માનો મહિમા કહે છે. ૨/૨૮૫,૨૮૬

૬. અક્ષરનો મહિમા સમજાય ત્યારે પુરુષોત્તમનો મહિમા સમજાય. ૨/૨૮૭ થી ૨૯૦

**૪. શાંતિ તો મહારાજનાં ચરિત્રોમાં જ છે.**

૧. અંતરનું નિરાકરણ કરવા માટે મુક્તાનંદ સ્વામીનો મહારાજને પ્રશ્ન : 'શાંતિ કેમ થાય ?'' ૩/૩૬૩

૨. મુક્તાનંદ સ્વામીનો પ્રશ્ન સાંભળી મહારાજને થયેલું આશ્ચર્ય. ૩/૩૬૩

૩. મહારાજે પોતાના જન્મથી લઈને અનેક પ્રકારના ચરિત્રોની વાત કરી. ૩/૩૬૪

૪. નિત્યાનંદ સ્વામીનો મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન :- 'તમારા દર્શનથી મહારાજને શાંતિ થઈ તો તમને મહારાજના સંબંધથી શાંતિ થતી નથી. ૩/૩૬૪

૫. મુક્તાનંદ સ્વામીનો ફરીથી એ જ પ્રશ્ન મહારાજને. ૩/૩૬૪

૬. મહારાજની ગુજરાતમાં ફરવા જવાની આજ્ઞા. ૩/૩૬૪

૭. નિત્યાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી વચ્ચે ચર્ચા - 'શાંતિ તો એક નારાયણના ચરણાવિંદમાં જ છે.' મહારાજના ચરિત્રો ગાવા ને સાંભળવા તેમાં જ શાંતિ છે. ૩/૩૬૫

૮. મુક્તાનંદ સ્વામી દૂર થયેલી અશાંતિ. ૩/૩૬૫

૯. મહારાજને બંને સદ્‌ગુરુઓ રાત્રે જ ફરીથી મળ્યાં. - મહારાજે આપેલો બોધ. ૩/૩૬૫

❑ ❑ ❑